# VANITA VISHRAM

**Athwagate, Surat. Gujarat, India-395001**
**Tel. – 91-261-2300212, 2300200**

## Technical Documents (in Gujarati)

## Index


| Sr. No. | Descriptions | Page No. |
|---|---|---|
| 1 | Tender Notice | 2 |
| 2 | Tender Rules and Regulations | 3-9 |
| 3 | List of technical documents | 8-9 |
| 4 | Application format (form no.1) | 10 |
| 5 | Lay out plan of Open space/open ground | 11 |

# વનિતા વિશ્રામ

**અઠવાગેટ, સુરત – ૩૯૫૦૦૧, ગુજરાત, ભારત**
**Tel 91-261-2300212, 2300200**

## ટ્રેડફેર/મેળા/એકઝીબીશનના આયોજન માટે ઇ–ટેન્ડર આમંત્રિત કરતી જાહેર નોટીસ

## ઇ–ટેન્ડર નોટીસ નં. 02/SG/VV/2025-2026

વનિતા વિશ્રામ ટ્રસ્ટ (ટ્રસ્ટ રજી. નં. ઇ–૧૧૭૬–સુરત)ની અઠવાગેટ પર આવેલી ટી. પી. સ્કીમ નં. ૦૫, ફાઇનલ પ્લોટ નં. ૬૦૧ પૈકી ખુલ્લા મેદાનની જમીન ૧૬ માર્ચ ૨૦૨૬ થી ૧૫ જુન ૨૦૨૬ (16-03-2026 થી 15-06-2026)ના સમયગાળા દરમિયાન ૬૦ એક્ઝીબીશન દિવસ ટ્રેડફેર/મેળા/એકઝીબીશનના આયોજન માટે હંગામી ધોરણે વપરાશ માટે આપવા અંગે ઓનલાઇન પધ્ધતિથી https://tender.nprocure.com મારફત ટેન્ડર મંગાવવામાં આવે છે. રસ ધરાવતી સંસ્થા/વ્યક્તિએ https://tender.nprocure.com પર ટેન્ડર ભરી શકો છો. અને ટેન્ડર ફોર્મમાં આપેલ સુચનો મુજબ તમામ સંબંધિત દસ્તાવેજો સીલબંધ કવરમાં નીચે જણાવેલ શિડયુલ અનુસાર સમયમર્યાદામાં અથવા તે પહેલાં ઉપરોકત દર્શાવેલ સરનામે પહોંચતુ કરવાનું રહેશે.

| | | |
|---|---|---|
| ૦૧. | ટેન્ડર પ્રકાશિત થવાની તારીખ | 05-02-2026 onwards |
| ૦૨. | પ્રિ બીડ મિટીંગ | 09-02-2026, 12.00 a.m. |
| ૦૩. | ટેકનીકલ ડોકયુમેન્ટ રજૂ કરવાની નિયત તારીખ | 14-02-2026, 17.00 p.m. |
| ૦૪. | ટેકનિકલ ડોકયુમેન્ટ ચકાસણીની તારીખ(internal) | 16-02-2026, 11.00 p.m. (tentative) |
| ૦૫. | ઓનલાઇન ટેન્ડર રજૂ કરવાની અંતિમ તારીખ | 19-02-2026, 17.30 p.m. |
| ૦૬. | ટેન્ડર ઓપનીંગ તારીખ અને સમય | 23-02-2026, 11.30 a.m. (tentative) |
| ૦૭. | ઇ–ઓકશનની તારીખ અને સમય | 23-02-2026, 12.30 p.m. (tentative) |
| ૦૮. | ટેન્ડર દસ્તાવેજની કિંમત | Rs. 10000/- |
| ૦૯. | બીડ સિકયુરીટી (અર્નેસ્ટ મની ડિપોઝીટ) | Rs.51,30,000/- |

ઇ–ટેન્ડરની વિગતો તેમજ ટેન્ડર ફોર્મ ભરવા માટેની પ્રક્રિયા તથા અન્ય માહિતી https://tender. nprocure. com OR www.vanitavishramsurat.com પર મળી શકશે.

**તા. 02-02-2026** **વનિતા વિશ્રામ, સુરત.**

# સંસ્થાના રીંગરોડ તરફનાં મેદાનમાં ટ્રેડફેર/મેળા/એકઝીબીશનનાં આયોજન માટે હંગામી લાયસન્સ માટેની ઓફરના નિયમો/શરતો

======================================

૧. **(એ)** તા: ૧૬ મી માર્ચ ૨૦૨૬ થી તા: ૧૫ મી જુન-૨૦૨૬ (તા:૧૬-૦૩-૨૦૨૬ થી તા:૧૫-૦૬-૨૦૨૬) ના સમયગાળામાં પૂર્વતૈયારી તથા સમાપન માટેના દિવસો સિવાયના ૬૦ એકઝીબીશન દિવસ ટ્રેડફેર/મેળા/એકઝીબીશનનાં આયોજન માટે વપરાશના એક દિવસનાં રૂ. ૨,૮૫,૦૦૦/- (રૂપિયા બે પચ્ચાસી હજાર પુરા) અને ૬૦ દિવસનાં રૂ. ૧,૭૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ એકોતેર લાખ પુરા) એટલે કે કુલ રૂ. ૧,૭૧,૦૦,૦૦૦/- (રૂપિયા એક કરોડ એકોતેર લાખ પુરા) કરતાં ઓછી રકમની ઓફર આપી શકાશે નહીં.

**(બી)** ઓફર વેબસાઇટ https://tender .nprocure.com પર ઇ ટેન્ડરીંગથી દૈનિક ગુજરાતી-પેપર "સંદેશ" માં તારીખ:૦૨.૦૨.૨૦૨૬ અને ઇન્ડીયન એક્ષપ્રેસમાં તા: ૦૨.૦૨.૨૦૨૬ માં આપેલ જાહેરાતમાં જણાવેલી મુદતમાં આપવાની રહેશે.

**(સી)** ઇ-ટેન્ડરીંગમાં ઓફર સાથે રૂ. ૫૧,૩૦,૦૦૦ (રૂપિયા એકાવન લાખ ત્રીસ હજાર પુરા) E.M.D.તરીકે વનિતા વિશ્રામના H.D.F.C બેંકના ખાતા નં.50100203341213, IFSC : HDFC0001707 માં RTGS/NEFT/DD થી ઇ-ટેન્ડરીંગ સાથે જ જમા કરાવવાના રહેશે. E.M.D. સિવાયની ઓફર વિચારણામાં લેવાશે નહી. ઓફર નામંજૂર થાય તો E.M.D. ની રકમ વગર વ્યાજે ઇ-ઓકશન થયાનાં દિન-૧૦ માં પરત કરવામાં આવશે અને સૌથી વધુ ઓફર પછીના બીજા ક્રમે આવનાર ઓફરરની E.M.D. ની રકમ ઇ-ઓકશન કર્યાની તારીખથી દિન-૨૧ મા પરત કરવામાં આવશે. જેની ઓફર મંજૂર થશે તેની E.M.D.સીકયુરીટી ડીપોઝીટમાં રૂપાંતર થશે.

(**ડી**) જે પક્ષની ઑફર સ્વીકારવામાં આવે છે તેણે ૯ માર્ચ ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં તમામ લાગુ પડતા ટેક્સ અથવા તે જ રકમની બૅન્ક ગેરંટી સાથે સંપૂર્ણ રકમ જમા કરાવવી પડશે, જો નિષ્ફળ જશે તો તે બિડર/ડિફોલ્ટરની E.M.D. જપ્ત કરવામાં આવશે. જો બિડર આમ કરવામાં નિષ્ફળ જશે તો બીજા બિડરે સૌથી વધુ ઓફર કરેલી રકમ (ઇ-ઓક્શન સમયે બિડિંગની રકમ) તમામ લાગુ ટેક્સ અથવા તે જ રકમની બેંક ગેરંટી સાથે ૧૪ માર્ચ ૨૦૨૬ના રોજ અથવા તે પહેલાં જમા કરાવવાની રહેશે જો નિષ્ફળ જશે તો તે ડિફોલ્ટરની E.M.D. જપ્ત કરવામાં આવશે.

આ ફકરામાં દર્શાવ્યા મુજબ સમયમર્યાદામાં સંપૂર્ણ રકમ ચૂકવ્યા પછી, જમીનના ઉપયોગ માટે પરવાનગી આપવામાં આવશે. લાગુ પડતો ટેક્ષ (GST) તા. ૧૦ એપ્રિલ ૨૦૨૬ ના રોજ અથવા તે પહેલા જમા કરાવવાનો રહેશે.

--------------------------------

**ઓફર કરનારનું નામ અને સહી**

(**ઇ)** તમામ સરકારી ,અર્ધસરકારી અને સ્થાનિક સંસ્થાઓની પરવાનગી ઓફર આપનારે પોતાનાં સ્વખર્ચે વપરાશ શરૂ કરતાં પહેલા એડવાન્સમાં મેળવી લેવાની રહેશે અને સંસ્થાને તેની નકલો પૂરી પાડવાની રહેશે. ઓફર કરનાર તેવી પરવાનગી મેળવી શકે નહી તો તે માટે વનિતા વિશ્રામ સંસ્થાની કોઇ જવાબદારી રહેશે નહિ તેમજ વનિતા વિશ્રામ સંસ્થા વપરાશ ફીની રકમ પરત કરવા જવાબદાર રહેશે નહી અને તે વિલંબિત/વિસ્તરણ/મુલતવી રાખેલ દિવસો માટેની વપરાશ ફી રીફંડ અથવા એડજસ્ટ કરવા માટે જવાબદાર રહેશે નહિ.

**(એફ)** ખરેખર પ્રદર્શન/મેળાનાં દિવસો સિવાયના પૂર્વતૈયારી તેમજ સમાપન/આટોપવાના દિવસોના, સંસ્થાના નિયમ મુજબની કબજા ધારણ ફી દિવસદીઠ રૂ. ૭૫,૦૦૦/- (રૂપિયા પંચોતેર હજાર )અલગથી આપવાનાં રહેશે.

(**જી)** ઇ –ઓકશનની પ્રક્રિયામાં ઓફરરોએ ઓછામાં ઓછા રૂ. ૩,૦૦,૦૦૦/-( રૂ. ત્રણ લાખ પુરાં) ની રકમના ગુણાંકમાં ઓફરમાં વધારો કરી શકાશે.

**(એચ)** જે સફળ બીડર/ઓફરરની ઓફરોનો સ્વીકાર કરવામાં આવશે તેની EMD સિકયુરીટી ડીપોઝીટ તરીકે સંસ્થામાં જમા રહેશે અને ખરેખરી ઓફરની કુલ્લે ચોખ્ખી રકમ અને લાગત ટેક્ષ વગેરે સંપૂર્ણ રકમના DD/RTGS/NEFT/Cheque સંસ્થાના બેંક એકાઉન્ટમાં ૧૪ માર્ચ ૨૦૨૬ નાં રોજ અથવા તે પહેલા જમા કરાવવાનાં રહેશે.

**(આઇ)** ઇ-ટેન્ડર ઓપનીંગ અને ઇ-ઓકશનની પ્રક્રિયા પછી, ઓફર કરનાર કે જેની ઓફર સ્વીકારવામાં આવે છે તેણે ૩૦% રકમ સિકયોરીટી ડિપોઝીટ તરીકે જમા કરવાની રહેશે. EMD સિકયોરીટી ડિપોઝીટની સામે એડજસ્ટ કરવામાં આવશે અને તફાવતની રકમ ઓફરકર્તા દ્વારા DD/RTGS/NEFT દ્વારા વનિતા વિશ્રામની તરફેણમાં ૦૨ માર્ચ ૨૦૨૬. ના રોજ અથવા તે પહેલા ચુકવવાની રહેશે.

૨. લાયસન્સ ફી યાને વપરાશ ફીની રકમ નેટ છે અને તેમાં કોઇપણ પ્રકારના ટેક્ષ, કર, વેરા, વિશેષધારા, ડયુટી સેસ, યા કોઇપણ રકમનો સમાવેશ થતો નથી. લાયસન્સ ફી ઉપરાંત મ્યુનીસીપલ વેરા, શિક્ષણ ઉપકર તથા સર્વિસ ટેક્ષ/GST તથા તમામ પ્રકારના કર અને વેરાઓ અલગથી આપવાનાં રહેશે અને ટેક્ષ ભર્યાની રસીદ સંસ્થા સમક્ષ રજૂ કરવાની રહેશે. વપરાશ ફી ઉપરાંત સરકારી લાગત વેરાઓ/ GST વગેરે ટેક્ષો ભરવાનાં રહેશે.

૩. **(અ)** પ્રદર્શન/મેળાના પૂરો થયા બાદ વધુ મુદ્દત લંબાવવા માટેની માંગણી વનિતા વિશ્રામ મેનેજમેન્ટની મંજૂરીને આધિન રહેશે અને વધારાની મુદ્દત સંસ્થા મંજૂર રાખે તો પ્રદર્શન/મેળાના દિવસોની કુલ વપરાશ ફી (મંજૂર થયેલ ઓફર) રકમની પ્રતિદિનની સરેરાશ આધારે જે દર નકકી થાય તે દરે વધારાના દિવસોનો પૂરેપૂરો ચાર્જ આપવાનો રહેશે (પૂર્વતૈયારી અને સમાપનના દિવસોની વપરાશ ફી સિવાય)

-----------------------------------

**ઓફર કરનારનું નામ અને સહી**

**(બ)** જે તારીખે મેદાનમાં પ્રવેશ માટે પરવાનગી આપવામાં આવશે તે દિવસે સવારે ૭:૦૦ કલાકે સંસ્થાનાં મેદાનમાં પ્રવેશ મળશે અને આખર તારીખે રાત્રે ૧૨:૦૦ વાગ્યા પહેલાં સાફ સફાઇ કરાવી વપરાશ બંધ કરવાનો રહેશે. જો કોઇ સંજોગોમાં તે સમય બાદ વધુ સમય માટે વપરાશ ચાલુ રહેશે અથવા કબજા સોંપણીમાં કસુર થશે તો વિલંબિત સમયગાળા માટે મંજૂર થતી ઓફર રકમની પ્રતિદિનની સરેરાશ આધારે જે દર નકકી થાય તે દરે પૂરેપૂરો ચાર્જ આપવાનો રહેશે એટલું જ નહી પરંતુ તેવા વિલંબ બદલ પ્રતિદિનના રૂ.૫૦,૦૦૦/- મુજબ વધારાની રકમ આપવાની રહેશે.

૪. જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવાની કામગીરી અન્વયે થયેલ ખર્ચ જે સફળ બીડર/ઓફરરની ઓફર સ્વીકારવામાં આવશે તે ઓફરરે જાહેરાત ખર્ચ બીલની રકમ સંસ્થાને અલગથી ચુકવવાની રહેશે.

૫. વિવિધ સત્તાધિકારીઓની આવશ્યક પરવાનગીઓ મેળવવાની જવાબદારી જેમનું ઓફર ટેન્ડર મંજૂર થાય તેઓના શીરે રહેશે.

૬. (અ) ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડના નિયમ અનુસાર મેળાના આયોજન દરમ્યાન જરૂરી માત્રાથી વધારે અવાજ/ઘોંઘાટ થવો જોઇએ નહી. અવાજ/ઘોંઘાટ વધારે થશે તો તેની જવાબદારી આયોજકની રહેશે.

(બ) સંસ્થાના ગ્રાઉન્ડની આજુબાજુની ઇમારતો અને સોસાયટીઓ, વનિતા વિશ્રામની શાળાઓ અને કોલેજોને ખાસ કરીને શૈક્ષણિક પ્રવૃતિના કલાકો દરમ્યાન કોઇ ન્યુસન્સ કે એનોયન્સ નહિ થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે.

(ક) રાત્રિનાં સમયે અડોશી-પડોશીઓને ન્યુસન્સ કે એનોયન્સ ન થાય તે રીતે વપરાશ કરવાનો રહેશે તેમજ ખાસ કિસ્સા તરીકે સક્ષમ/ Regulatory સત્તા મંડળો તરફથી મળતી સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેવી સુચનાઓનો ભંગ થવાનાં કારણે જે તે સત્તા મંડળ તરફથી આયોજન બંધ કરાવવામાં આવે તો તે માટે વનિતા વિશ્રામ જવાબદાર રહેશે નહી.

(ડ) અધુરી મુદ્દતે આયોજન બંધ કરાવવામાં આવે કે કુદરતી આપત્તિ/ Act of God/યુધ્ધ/ Force Majeure Conditions/રોગચાળો/અથવા ગુજરાત સરકાર/ SMC જેવા નિયમનકારી સત્તાવાળાઓ ટ્રેડફેર/મેળા/એકઝીબીશન માટે આયોજકને પરવાનગી આપે નહી તો આયોજક એક્ષટેન્શનની માંગણી કરી શકશે નહી તથા વણવપરાયેલા દિવસો માટે વપરાશ ફી (મંજૂર ઓફરની રકમ, સરેરાશ પ્રતિ દિવસની વપરાશ ફીના આધારે) ઓફરર પરત મેળવવાપાત્ર સક્ષમ સત્તામંડળ દ્વારા લેખિત હુકમને આધીન રહેશે અને સંસ્થા ટ્રેડફેર/મેળા/એકઝીબીશનનાં અંતે રકમ એડજસ્ટ/રિફંડ કરવામાં આવશે અને વપરાશની મુદ્દત લંબાવવામાં આવશે નહિ.

-------------------------------

**ઓફર કરનારનું નામ અને સહી**

૭. વપરાશ દરમ્યાન લાઇટબીલ સફળ બીડર/ઓફરરે ભોગવવાનું રહેશે. વપરાશ દરમ્યાન મિલ્કતમાં કોઇ તોડફોડ કે નુકસાની કરવાની નથી તેમજ તોડફોડ કે નુકસાની થઇ હોય તો તે પોતાનાં ખર્ચે દુરસ્ત કરાવી આપવાની રહેશે. વપરાશ પૂરો થાય ત્યારે મિલ્કત સાફ સફાઇ કરી રાઇડસ ઉભી કરવા માટે તૈયાર કરેલ RCC વર્ક તથા સળિયા/નટ-બોલ્ટ કાઢીને જગ્યા ચોખ્ખી કરી સુપરત કરવાની રહેશે. ઉપર મુજબની શરતોનો અમલ થાય તે માટે સીકયોરીટી ડિપોઝીટ તરીકે મંજૂર બીડની રકમનાં ૩૦% રકમ સંસ્થામાં જમા કરેલ હશે. તે રકમ વપરાશ બંધ થયા બાદ તે ડીપોઝીટ વગર વ્યાજે પરત કરવામાં આવશે. વપરાશ દરમ્યાન થયેલ નુકસાનનો અંદાજ મેળવી સંસ્થા તેવી નુકસાનની રકમ ડીપોઝીટમાંથી પ્રથમ કાપી લેવા હકદાર રહેશે અને નુકસાનની રકમ ડિપોઝીટ કરતા વધુ હશે તો તે રકમ વપરાશકારે આપવાની રહેશે.

૮. સંસ્થાની મિલ્કતમાં કોઇપણ ગેરકાયદેસર પ્રવૃતિ કે કોઇપણ પ્રકારના પ્રતિબંધિત ખાદ્ય પદાર્થો, કેફી પીણાં તેમજ મદ્યપાનનો ઉપયોગ કરવો નહિ. આ સુચનાનો ભંગ થાય અને કોઇપણ કાયદાકીય પ્રશ્નો ઉપસ્થિત થાય તો તેની સંપૂર્ણ જવાબદારી આયોજકની રહેશે. વનિતા વિશ્રામ સંસ્થાની જવાબદારી રહેશે નહી તેમજ સંસ્થા દ્વારા ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. વનિતા વિશ્રામ સંસ્થાની શાંતિ અને શિસ્ત જાળવીને વપરાશ કરવાનો રહેશે. વપરાશ દરમ્યાન સંસ્થાની મેનેજમેન્ટ તથા સિકયોરીટી તરફથી જે ખાસ સુચનાઓ આપવામાં આવે તેનુ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. બીડર્સને ઇ-ઓકશન/ઇ-ટેન્ડરીંગ પ્રક્રિયાના દિવસે એટલે કે તા:૨૩-૦૨-૨૦૨૬ નાં રોજ મેઇન ઓફીસ/વનિતા વિશ્રામ કેમ્પસની મુલાકાત લેવાની મંજૂરી આપવામાં આવતી નથી અને કોઇપણ પ્રકારે સંપર્ક કરવો નહી.

૧૦. **(અ)** મેળાનાં આયોજનના સમય દરમ્યાન યા પૂર્વતૈયારી યા સમાપન બાદનાં કોઇપણ સમયે અકસ્માત/ઇજાઓ/આંશિક વિકલાંગતા/વિકલાંગતા અથવા કમનસીબ ઘટના જેમ કે આગ/રાંધણ ગેસ/કોઇપણ પ્રકારના વાયુયુકત વિસ્ફોટ/કામચલાઉ માળખાઓ તુટી પડવા/ વાહનોના અકસ્માત/ એમ્યુઝમેન્ટ રાઇડસ ચાલુ અથવા બંધ સ્થિતિમાં અથવા ઇન્સ્ટોલેશન, ડિસમેન્ટલીંગ અને ફીટીંગ કરતી વખતે થતા અકસ્માતો/માનવસર્જિત આપત્તિઓ જેવી કે નાસભાગ, અપરાધ કે અવ્યવસ્થા સર્જાવી અથવા જમીનના ઉપયોગ દરમ્યાન કોઇપણ અથવા કોઇની પણ મિલ્કતને નુકસાન કે અન્ય કોઇપણ નુકસાન માટે બિડર/ઓફરર વળતર અને આવી ઘટનાઓથી ઉદ્દભવતી કોઇપણ કાનુની સમસ્યાઓ માટે જવાબદાર રહેશે.

**(બ)** મેદાનના વપરાશ દરમ્યાન બીડર્સે જાહેર જનતાની સગવડતા માટે પ્રવેશ અને બહાર નીકળવાના અલગ પોઇન્ટની રચના/વ્યવસ્થા કરવાની રહેશે. ભીડને માર્ગદર્શન આપતા સંકેતો તેમજ તેઓને સલામત રીતે રોકવા માટે બેરીકેટ(આડશ) યોગ્ય રીતે મુકવાના રહેશે તથા મેદાનના વપરાશ દરમ્યાન ભીડની વ્યવસ્થા બરાબર જળવાય રહે તેનું ખાસ ધ્યાન રાખી પાલન કરવાનું રહેશે.

__________________________________

**ઓફર કરનારનું નામ અને સહી**

**(ક)** બીડરે કોઇપણ અકસ્માત અથવા કોઇની જાન કે સંપત્તિના નુકસાનની કમનસીબ ઘટના સામે ઓછામાં ઓછો રૂ. ૨ (બે) કરોડનો વીમો લેવાનો રહેશે અને તેની પોલીસીની નકલ વનિતા વિશ્રામને આપવાની રહેશે.

૧૧. આયોજનની તારીખમાં ટ્રસ્ટ ઓફર કરનારાઓની રૂબરૂ રજુઆત સાંભળી ટ્રસ્ટના હિતમાં ફેરફાર કરી શકાશે.

૧૨. કોઇપણ ઓફરર ઇ-ટેન્ડરીંગ બાદ ઇ-ઓકશનનાં સમયે ભાગ ન લેશે તો પણ ઇ-ઓકશનની કાર્યવાહી કરવામાં આવશે અને તેવી કાર્યવાહી તેવા ઓફરરને અને અન્ય તમામ ઓફરરોને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે. ઓફરરે અરજી અને પ્રાઇસબીડ ફકત ઓનલાઇન જ કરવાની રહેશે(જાહેર નોટીસમાં દર્શાવ્યા મુજબ) ટેન્ડરરે સામેલ લીસ્ટ (પાનાનં. ૮-૯) મુજબ ટેકનીકલ દસ્તાવેજો અને DD/RTGS/NEFT સાથે સીલબંધ કવરમાં સંસ્થામાં રજૂ કરેલ ન હશે અને ઓફરર પ્રાઇઝબીડની હાર્ડ કોપી રજૂ કરશે તેમજ ઓફરર તેમની અરજી, પ્રાઇસબીડ અને ટેકનીકલ દસ્તાવેજો રજૂ કરેલ છે પરંતુ, ઓનલાઇન અરજી અને પ્રાઇસબીડ સબમીટ કરવામાં નિષ્ફળ જશે તો તેનું ટેન્ડર અમાન્ય ગણવામાં આવશે અને ટેન્ડર કાર્યવાહી/ઇ-ઓકશનમાં ભાગ લેવા માટે લાયક ગણવામાં આવશે નહિ.

૧૩. કોઇપણ ઓફરર બદઇરાદાથી સંસ્થાના સંચાલકો વિરુધ્ધ ખોટા આક્ષેપો કરી ખોટી રજૂઆતો સાથે અરજી કરી સંસ્થાને આર્થિક નુકસાન પહોંચાડવાના પ્રયત્ન કરશે તેમજ સમયમર્યાદામાં બીડની રકમ જમા ન કરાવે તેવા ઓફરરને સંસ્થા બ્લેક લિસ્ટ કરી શકશે.

૧૪. સંસ્થાને મળેલ ઓફર બાબતે નિર્ણય લેવાની આખરી સત્તા સંસ્થાની મેનેજમેન્ટને છે અને કોઇપણ જાતનાં કારણ આપ્યા વગર કોઇપણની ઓફર અથવા હરકોઇ ઓફર/ તમામ ઓફર નામંજુર કરી શકાશે તેમજ વનિતા વિશ્રામ મેનેજમેન્ટ કોઇપણ કારણ આપ્યા વિના ઇ-ટેન્ડરીંગ અને ઇ-ઓકશનની તમામ કાર્યવાહી રદ કરી શકે છે.

૧૫. અનિવાર્ય સંજોગોમાં ઓફર મંજૂર કર્યા બાદ પણ મેદાન વપરાશ માટે આપવાનો ઇન્કાર કરી શકાશે.

૧૬. કોઇપણ ઓફર સ્વીકારવી અથવા ન સ્વીકારવી આ તેમજ તેવી ઓફરો પર યોગ્ય તે નિર્ણય લેવાનો અધિકાર સંપુર્ણપણે સંસ્થાનો રહેશે અને તે અંગેનો આખરી નિર્ણય ટ્રસ્ટના હિતને ધ્યાનમાં લઇને સંસ્થા કરશે. સફળ બીડર/ઓફરરની કોઇપણ રજૂઆત માન્ય રાખવામાં આવશે નહિ.

૧૭. ઉપરોકત તમામ કાર્યવાહી ઉપરાંત યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લેવાની તમામ સત્તા અને અધિકારો સંસ્થાના અબાધિત રહેશે.

---------------------------------

**ઓફર કરનારનું નામ અને સહી**

૧૮. ઉપરોકત તમામ શરતો, નીતિ-નિયમોનું પાલન કરવાની શરતે મેદાનનો કબજો/પ્રવેશ આપવામાં આવશે.

૧૯. નીચેના દસ્તાવેજો ( ક્રમ નં ૧ થી ૧૭ સુધી) ટેન્ડરના નીતિ-નિયમોનુસાર નીચેના ટેકનીકલ યોગ્યતાના માપદંડો ફરજિયાત રહેશે. જો ઓફરર/અરજદાર નીચેના દસ્તાવેજો સબમિટ ન કરી શકે તો તેમની અરજી કોઇપણ સુચના વિના નામંજુર કરવામાં આવશે(સોફટ કોપીને મંજુરી આપવામાં આવશે નહી)

**સંસ્થાનાં મેદાનમાં ટ્રેડફેર/મેળા/એકઝીબીશનનાં આયોજન માટે નીચેના દસ્તાવેજોની નકલ રજી.એ.ડી/કુરીયર/રૂબરૂમાં બંધ કવરમાં આપવાનાં રહેશે.**

**(SOFT COPY WILL NOT BE ALLOWED)**

| ક્રમ | દસ્તાવેજોની નકલ |
|---|---|
| ૧. | જો ભાગીદારી પેઢી હોય તો............. |
| | ૧. ભાગીદારી પેઢીનો નોટરાઇઝડ સર્ટીફાઇડ/એટેસ્ટેડ દસ્તાવેજ |
| | ૨ .પેઢીના રજીસ્ટ્રાર દ્વારા જારી કરાયેલા નોંધણી પ્રમાણપત્રની ખરી નકલ. |
| ૧.અ | જો કંપની હોય તો .... |
| | આર્ટીકલ્સ ઑફ એસોસીયેશન/મેમોરેન્ડમ ઑફ એસોસીએશનની નકલ યોગ્ય સહી અને સિકકા સાથે. |
| ૧.બ | અન્ય સંસ્થાપિત (રજીસ્ટર્ડ) મંડળ હોય તો ઓથોરીટી દ્વારા જારી કરવામાં આવેલ નોંધણીના દાખલાની નકલ બીડવી. |
| ૧.ક | અન્ય અસંસ્થાપિત (અનરજીસ્ટર્ડ) મંડળ/વ્યકિત હોય તો તેમને અસંસ્થાપિત (અનરજીસ્ટર્ડ) સીલ (સિકકા) સાથેની નકલ આપવી. |
| ૧.ડ | વ્યકિતગત/માલિકી હોય તો વિગતે માહિતી આપવી. |
| ૨. | Copy of Pan Card (IT) |
| ૩. | Copy of Aadhar Card |
| ૪. | Cancelled Cheque (One) |
| ૫. | Copy of GST Registration Certificate |
| ૬. | Copy of Last Two years of GSTR-9 Return (year 2023-2024& 2024-2025 annual Return), if applicable |
| ૭. | Copy of Last six-month GST return (from July 2025 to December 2025, both months includes) |
| ૮. | Bank Solvency Certificate or Availability of Bank Finance letter of minimum Rs 1.00 Crore. The certificate must be from any Scheduled bank only. Bank Solvency certificate will be considered as valid if it is issued in between from 05 February 2026 to 14th February 2026 (05-02-2026 to 14-02-2026) |
| ૯. | Copy of Bank Statement of last six months (from 01-08-2025 to 31-01-2026) |
| ૧૦. | Attach the CA certified certificate with UDIN for the last two years minimum turnover of RS 1 Crore for each financial year. (For the financial year 2023-2024 & 2024-2025). These certificates will be considered as valid if it is issued in between |

| | |
|---|---|
| | from 05 February 2026 to 14 February 2026 (05.02.2026 to 14-02-2026). |
| ૧૧. | Last two years balance sheet & IT return copy. The copies must be duly certified by CA with UDIN (for the financial year 2023-2024 & 2024-2025) |
| ૧૨. | The applicant has to submit the list of respective works done for the last three years (January to December 2023, 2024 & 2025) |
| ૧૩. | The applicant has to submit minimum two work experience certificates along with copy of Work Order and License copy issued by regulatory body during last Calendar years (2024 & 2025) in respective field organized by the Government/Semi Government/ Trust or any other Reputed Private Organizations. |
| ૧૪. | ટેન્ડરના નિયમો શરતોના દરેક પાના નં. ૩-૯ (હસ્તાક્ષર કરેલ) |
| ૧૫. | ફોર્મ-૧ ( આ સાથે સામેલ કરેલ ટેન્ડર ડોકયુમેન્ટ સાથે આ ફોર્મ અરજદારે ભરીને સહી કરીને પોતાના/ સંસ્થાના લેટરપેડ પર આપવું) (પાનાનં.૧૦) |
| ૧૬. | DD/RTGS/NEFT of E.M.D. - Rs. 51,30,000/- (Rupees Fifty one lakhs & Thirty thousand only) |
| ૧૭. | DD/RTGS/NEFT/CASH of Tender Fee Rs. 10,000/- (ten thousand only) Non refundable |

(૨૦) વનિતા વિશ્રામની ઉપરોકત શરતો સિવાયની ઓફરર/ઓફરર્સની કોઇપણ શરત માન્ય રહેશે નહી.

ઉપરોકત નિયમો મેં/અમોએ વાંચ્યા છે. જે મને/અમોને કબૂલ મંજૂર છે અને તે મુજબ અમો અમલ કરીશું અને એ અંગે કોઇપણ જાતની તર-તકરાર કરીશુ નહી. .

---------------------------------

**ઓફર કરનારનું નામ અને સહી** **સુરત. તારીખ :..............................**

# ફોર્મ - ૧

પ્રતિ
વનિતા વિશ્રામ
અઠવાગેટ, સુરત.

**વિષય: વનિતા વિશ્રામ મેદાન/ખુલ્લી જગ્યા હંગામી ધોરણે વપરાશ માટે ઓફર તા: ૧૬મી માર્ચ ૨૦૨૬ થી ૧૫ મી જુન ૨૦૨૬ નાં સમયગાળા દરમિયાન ૬૦ એકઝીબીશન દિવસ. (તા:૧૬-૦૩-૨૦૨૬ થી તા:૧૫-૦૬-૨૦૨૬)**

અમો નીચે સહી કરનારા તમારી સંસ્થાનાં મેદાન પર ટ્રેડફેર/મેળા/એકઝીબીશનનું આયોજન કરવા માંગીએ છીએ. અમારી દરખાસ્ત નીચે મુજબ છે.

૧. ઓફર કરનારનું પુરૂં નામ : ______________________________

૨. સરનામું : ______________________________
______________________________
______________________________

૩. ટેલીફોન/મોબાઇલ નંબર : ______________________________

૪. સ્ટેટસ : વ્યકિતગત/પેઢી/કંપની/સંસ્થાપિત કે અસંસ્થાપિત મંડળ

૫. પરમેનન્ટ એકા.નંબર (PANCARD) :
(PAN Card ની નકલ મુકવી)

૬. વધારાની માહિતી :
(અ) આ અગાઉ સંસ્થાનું મેદાન વપરાશ માટે રાખવા માટે અરજી આપેલ છે?:
હા/ના * જો 'હા' હોય તો વિગત આપવી.
(બ) આ અગાઉ આ પ્રકારના કોઇ આયોજનો કર્યા છે? : હા/ના
- જો આયોજનો કર્યા હોય તો તેની સ્થળ,પ્રકાર, આર્થિક રોકાણ વગેરે સહિતની વિગતવાર માહિતી આપવી.

આથી અમો જણાવીએ છીએ કે ઉપરોકત માહિતી મારી જાણકારી/જ્ઞાન મુજબ સાચી અને ખરી છે.

--------------------------------

**(ઓફર કરનારનું નામ અને સહી )**

LAYOUT PLAN OF VANITA VISHRAM F.P NO-601,T.P.S.-5 (ATHWA-UMRA)-SURAT

